**Dr. Subhash University**

No.: DSU/Circular/GSVS/2026/98

Date: 01/10/2026

## Circular

---

વિષય: ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા (GSVS) – ૨૦૨૬ અંતર્ગત યુનિવર્સિટી લેવલની સ્પર્ધાના આયોજન અંગે.

---

ભારતના માનનીય વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત @ 2047 તથા આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવા માટે યુવા શક્તિની ભૂમિકા મહત્વપૂર્ણ છે. આ સંદર્ભે ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા (GSVS) – ૨૦૨૬નું આયોજન વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ, સંસ્કાર, નૈતિક મૂલ્યો, રાષ્ટ્રીય જવાબદારી તથા જાહેર વક્તૃત્વ કૌશલ્યનો વિકાસ થાય તે હેતુથી કરવામાં આવી રહ્યું છે. આ સ્પર્ધા વિદ્યાર્થીઓને વિવિધ સામાજિક, સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય મહત્વના વિષયો પર પોતાના વિચારો સ્પષ્ટતા, આત્મવિશ્વાસ અને અસરકારક વક્તૃત્વ દ્વારા રજૂ કરવાની તક પૂરી પાડશે. આ અંતર્ગત ડૉ. સુભાષ યુનિવર્સિટીની દરેક સ્કુલમાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે અને વિજેતા જાહેર કરવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે.

વિજેતા વિદ્યાર્થી આગળની ઝોન કક્ષાની સ્પર્ધા માટે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે ભાગ લેશે. ઝોન કક્ષાની સ્પર્ધામાં વિદ્યાર્થીઓને નિર્ધારિત વિષય પર અસરકારક અને સમયબદ્ધ વક્તવ્ય રજૂ કરવાની તક મળશે. ઝોન કક્ષાએ યોજાનાર સ્પર્ધામાંથી રાજ્ય કક્ષાની અંતિમ સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવશે.

ઝોન કક્ષાએ રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદ થયેલ વિદ્યાર્થીઓને રૂ. ૧૧,000/-નું પારિતોષિક, ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવશે. ત્યારબાદ રાજ્ય કક્ષાની અંતિમ સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પ્રથમ ક્રમે રૂ. ૧,00,000/-, દ્વિતીય ક્રમે રૂ. ૭૧,000/- તથા તૃતીય ક્રમે રૂ. ૫૧,000/-નું પારિતોષિક, ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવશે. આ ઉપરાંત રાજ્યકક્ષાએ પસંદ થયેલ વિદ્યાર્થીઓને ગુજરાતના સાંસ્કૃતિક વક્તૃત્વ ક્ષેત્રે પોતાની પ્રતિભા રજૂ કરવાની મહત્વપૂર્ણ તક પ્રાપ્ત થશે.

આ સ્પર્ધા માટે વક્તવ્યની ભાષા માત્ર ગુજરાતી રહેશે અને દરેક વક્તા માટે સમયમર્યાદા ૫ મિનિટ રહેશે.

વક્તૃત્વ સ્પર્ધાના વિષયો:

૧. નશામુક્ત ભારત અભિયાન અને સ્વચ્છ સાયબર ભારત મિશન

૨. વિકસિત ભારત ૨૦૪૭: આત્મનિર્ભર ભારત

3. સંસ્કૃતિ અને સંસ્કાર: રાષ્ટ્રના અસ્તિત્વનો આધાર

૪. કડવા ફળ છે ક્રોધના

DR. SUBHASH UNIVERSITY JUNAGADH

**Dr. Subhash**
University

રજીસ્ટ્રેશનની વિગત :

સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છુક વિદ્યાર્થીઓએ નીચે આપેલ QR Code / Registration Link દ્વારા પોતાની નોંધણી કરવાની રહેશે.

રજીસ્ટ્રેશન લિંક : https://gsvs.gujgov.edu.in

રજીસ્ટ્રેશન માટેની અંતિમ તારીખ : ૧૩/૧૦/૨૦૨૬

સ્પર્ધા તારીખ : ૧૪/૧૦/૨૦૨૬ (બુધવાર)

સ્પર્ધા અંગેની વધુ વિગતો માટે :

૧) Prof. Divya Khaniya - 6353803729

૨) Prof. Priti Kathad - 9081769325

Registrar
Dr. Subhash University
Junagadh